પુસ્તક ૩૧

અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
બેડાવાળા

સંવત ૨૦૭૧ - અષાઢ સુદ-૫

પ.પૂ. જિનશાસનના અણગાર, શાસનના શણગાર સંયમી, જ્ઞાની, ગીતાર્થ ગુરુભગવંતોના ચરણોમાં સાદર કોટિશઃ વંદનાવલી...

જિનાજ્ઞાસમારાધક શ્રેષ્ઠિવર્ય, પંડિતવર્યશ્રી, સુશ્રાવકશ્રી,......પ્રણામ!

"ॐ". આરાધક, પૂજ્યપાદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજા, જેનો જિનશાસનના મુખ્ય આધારસ્થંભમાં સમાવેશ કરે છે એવા સાતક્ષેત્રમાં ના તૃતીયક્ષેત્ર સ્વરૂપ "શ્રુતજ્ઞાન"ની નિષ્કામભક્તિ કરવાના સદાશયથી આરંભાયેલા ચાતુર્માસિક માસિક "અહો ! શ્રુતજ્ઞાનમ્" તેના સાતમાં વર્ષમાં પ્રવેશી રહ્યું છે. સામુદાયિક બંધનોથી પર રહીને પ્રભુશાસનના "શ્રુત" ના વિષયોમાં કાર્ય કરતા વિદ્વાન શ્રમણ-શ્રમણી ભગવંતો, પંડિતવર્યો, લેખકો આદિના સંશોધન-સંપાદન-લેખન કાર્યોથી સૌને પરસ્પર અવગત કરાવવા તથા શ્રુત સંબંધી શ્રીસંઘમાં આવશ્યક વિચારણાઓ રજુ કરવી, એ જ તેનો મુખ્ય આશય રહ્યો છે.

-: બાળ સંસ્કરણ : શ્રીસંઘનું એક અત્યાવશ્યક કાર્ય :-

આજની શિક્ષણ પ્રણાલી અને વર્તમાન સમયના બદલાતા પ્રવાહોમાં ધર્મ ક્યાં અને કેવી રીતે ટકશે, એ બહું પાયાનો વિચારણીય પ્રશ્ન બની રહે છે.

"लालयेत् पन्चवर्षाणि" : ચાણક્યના આ નિતિ સૂત્રની ધરાર ઉપેક્ષા થઇને બીજા જ વર્ષથી બાળકોના પ્લે ગ્રુપ નર્સરી વગેરે જેવા આકર્ષક નામોના ઓઠા નીચે બાળકોનો સ્વતંત્રતાનો શ્વાસ રૂંધાવા લાગે છે. મા-બાપને પણ, આજુબાજુની દેખાદેખીને કારણે આજે ને આજે બાળકને સર્વકલા સંપન્ન કરી દેવો હોય છે, છોડ વિકસતા પહેલા મુરઝાવવાની જાણે શરૂઆત થઇ જતી હોય તેમ લાગ્યા કરે છે. અલબત્ત આ ઘણી ગંભીર વિચારણા છે, પ્રારંભીક કાળ સ્કુલ, કોલેજને અતિ ભારે બર્ડનમાં પસાર થાય છે, યુવાનીમાં આવતા ધંધો, જોબ વગેરેમાંથી સમય કાઢવો ભારે પડે છે. ઘણું કરીને બાળપણમાં જ ધર્મના સંસ્કારોનું વ્યવસ્થિત, મજબુત પણે આધાન કરવામાં આવે તો યુવાનીમાં અને નહી તો ઘડપણમાં પણ ધર્મની રૂચિ ઉભી રહે છે. અને તેથી જ બાળક અવસ્થામાં શક્ય તેટલા ધર્મના સંસ્કારો આપી દેવા જોઇએ. આજનો બે વર્ષનો બાળક મોબાઇલ ઉપર ગેમ રમતો હોય ત્યારે તેને એજ જુની શિક્ષણ પ્રણાલીકાના ઢાંચામાં ઢાળવાનો પ્રયત્ન નિષ્ફળ નીવડે છે અથવા તો અલ્પ ફળદાયી બને છે. આનંદનો વિષય છે કે આજે મોટા શહેરોમાં કંઇક નવા અભિગમ સાથે બાળકનો ધર્મક્ષેત્રમાં પાઠશાળાના વિષયમાં પ્રવેશ કરાવાય છે. માત્ર સૂત્રો ગોખવાનો અભ્યાસ જ નહીં પરંતુ વિનય-વિવેક-ધર્મવ્યવહાર, દાન, કરૂણાના સંસ્કારો વગેરે અનેક એંગલોથી પાઠશાળાઓ સમૃદ્ધ બની રહી છે.

હાલ, ચાતુર્માસની સીઝન ચાલુ થઇ રહી છે ત્યારે પૂજા અભિયાન, ઉપાશ્રયે ગુરુવંદન અભિયાન, પ્રતિક્રમણ અભિયાન, સૂત્ર ગોખવા, ટી.વી. ત્યાગ વગેરે જેવા ચાતુર્માસિક નિયમો આદિ દ્વારા બાળકોમાં ધર્મ સંસ્કારની વાવણી કરવી જોઇએ. અને એ દિશામાં ધનનો પ્રવાહ વાળવો જોઇએ.

લી. શા બાબુલાલ સરેમલ બેડાવાળાની વંદના

" दासोऽहं सर्व साधूनाम् "

# સં-૨૦૭૦-૭૧ દરમ્યાન નૂતન પ્રકાશન

| ક્રમ | ગ્રંથનું નામ | કર્તા - સંપાદક | ભાષા | પ્રકાશક-પ્રાપ્તિ સ્થાન |
|---|---|---|---|---|
| ૧ | ન્યાય સિદ્ધાંતના મૂળભૂત ૧૦૮ નિયમો | આ. કુલચંદ્રસૂરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨ | કૃદન્ત કાલ તદ્ધિતાનિ | આ. યોગતિલકસૂરિજી | સં/ગુજ. | સંયમસુવાસ |
| ૩ | પ્રશ્ન ચિંતામણિ | આ. પુણ્યપાલસૂરિજી | ગુજ. | પાર્શ્વ અભ્યુદય પ્રકાશન |
| ૪ | તત્ત્વ ચિંતામણિ | આ. પુણ્યપાલસૂરિજી | ગુજ. | પાર્શ્વ અભ્યુદય પ્રકાશન |
| ૫ | આધ્યાત્મિક પ્રશ્નોતર પૂર્વાધ | આ. પુણ્યપાલસૂરિજી | ગુજ. | પાર્શ્વ અભ્યુદય પ્રકાશન |
| ૬ | આધ્યાત્મિક પ્રશ્નોતર ઉતરાર્ધ | આ. પુણ્યપાલસૂરિજી | ગુજ. | પાર્શ્વ અભ્યુદય પ્રકાશન |
| ૭ | સંયમપારાયણ | આ. તીર્થભદ્રસૂરિજી | ગુજ. | શ્રી કનકસૂરિ પ્રાચીન |
| ૮ | (ઉત્તરાધ્યયન તથા દશવૈકાલિક ગીત) | | | ગ્રંથમાળા |
| ૯ | સુલભચરિત્રાણિ-પદ્ય, ભા-૧-૨ | પં. વજસેનવિજયજી | સં/ગુજ. | ભદ્રંકર પ્રકાશન |
| ૧૦ | મેરૂ સચિત્ર દેવ વંદનમાળા | આ. સિંહસેનસૂરિજી | ગુજ. | મેરૂપ્રભસૂરિ સ્મરક ટ્રસ્ટ |
| ૧૧ | દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ ભાગ-૧-૯ | આ. યશોવિજયસૂરિજી | હિન્દી | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૧૨ | આરાધક વિરાધક ચતુર્ભંગી | પૂ. ગુણહંસવિજયજી | સં/ગુજ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૩ | ધર્મ પરીક્ષા ભા-૧ | પૂ. ગુણહંસવિજયજી | સં/ગુજ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૪ | કૂપ દેષ્ટાંત વિશદીકરણ-સટીક | પૂ. ગુણહંસવિજયજી | સં. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૫ | ભીમકુમારનું ભૂજાબળ | આ. નરરત્નસૂરિજી | ગુજ. | ભદ્રંકરસૂરિ સમાધિ ટ્રસ્ટ |
| ૧૬ | સુંદર રાજાની સુંદર ભાવના | આ. નરરત્નસૂરિજી | ગુજ. | ભદ્રંકરસૂરિ સમાધિ ટ્રસ્ટ |
| ૧૭ | ચંદ્રશેખરવિજયજી જીવનકથા રાસ | આ. જગવલ્લભસૂરિજી | ગુજ. | ધર્મચક્ર પ્રભાવક ટ્રસ્ટ |
| ૧૮ | શ્રી શત્રુંજય માહાત્મય (સચિત્ર) | પૂ. રમ્યદર્શનવિજયજી | હિન્દી | મોક્ષ પથ પ્રકાશન |
| ૧૯ | યશોગાથા-હેમચંદ્રાચાર્ય કી (સચિત્ર) | પૂ. હિતવર્ધનવિજયજી | હિન્દી | કુસુમઅમૃત ટ્રસ્ટ |
| ૨૦ | કીર્તિગાથા-હેમચંદ્રાચાર્ય ની (સચિત્ર) | પૂ. હિતવર્ધનવિજયજી | ગુજ. | કુસુમઅમૃત ટ્રસ્ટ |
| ૨૧ | રાગ સે વીતરાગ કી ઓર (હીન્દી પદ્યાનુવાદ) | પૂ. સંયમરત્નવિજયજી | હિન્દી | રાજેન્દ્રસૂરિ શોધ સંસ્થાન |
| ૨૨ | તપસ્વી સૂરિરાજ કે તેજપુંજ | પૂ. હીરરત્નવિજયજી | હિન્દી | -------------- |
| ૨૩ | ઉપધાન વાય એન્ડ હાઉ ? | આ. કીર્તિયશસૂરિજી | અંગ્રેજી | સન્માર્ગ પ્રકાશન |
| ૨૪ | કુમારપાળ ભૂપાળ ચરિત્ર | પૂ. વિવેકયશવિજયજી | ગુજ. | સન્માર્ગ પ્રકાશન |
| ૨૫ | આગમપ્રકાશન સૂચિ | શ્રી નીરવભાઇ ડગલી | હિન્દી | ગીતાર્થ ગંગા |
| ૨૬ | ઉપમિતિ ભવપ્રપંચકથા ભા-૧ થી ૩ | પ્રવીણચંદ્ર ખીમજી મોતા | સં/ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૨૭ | ઉપદેશ પદ - ૧ | પ્રવીણચંદ્ર ખીમજી મોતા | સં/ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૨૮ | સન્મતિતર્ક પ્રકરણ-૩ | પ્રવીણચંદ્ર ખીમજી મોતા | સં/ગુજ. | ગીતાર્થ ગંગા |
| ૨૯ | વાગડ કે જૈન શ્વેતામ્બર મંદિર | મોહનલાલ બોલ્યા | સં/ગુજ. | જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૩૦ | સેવા સમર્પિતોની તેજરેખા | નંદલાલ દેવલૂક | ગુજ. | અરિહંત પ્રકાશન |
| ૩૧ | ચાલો વિવાહલો કાવ્યને જાણીએ | ડૉ. કવિન શાહ | ગુજ. | ડૉ. કવિન શાહ |

# સં-૨૦૭૦-૭૧ દરમ્યાન નૂતન પ્રકાશન

| ક્રમ | ગ્રંથનું નામ | કર્તા - સંપાદક | ભાષા | પ્રકાશક-પ્રાપ્તિ સ્થાન |
|---|---|---|---|---|
| ૩૧ | મનસ્થિરીકરણ પ્રકરણ (સટીક) | પૂ. વૈરાગ્યરતિવિજયજી | સં. | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| ૩૨ | સ્યાદ્‌વાદ પુષ્પકલિકા (સટીક) | પૂ. વૈરાગ્યરતિવિજયજી | સં. | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| ૩૩ | ભવભાવના -અવચૂરિ સહિત | પૂ. વૈરાગ્યરતિવિજયજી | સં. | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| ૩૪ | પ્રશમરતિ (ત્રણ ટીકા સહ) | પૂ. વૈરાગ્યરતિવિજયજી | સં. | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| ૩૫ | મુક્તિવાદ | પૂ. વૈરાગ્યરતિવિજયજી | સં/ગુજ. | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| ૩૬ | કલ્પનિર્યુક્તિ-ચૂર્ણિ સહ | પૂ. વૈરાગ્યરતિવિજયજી | પ્રા./સં | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| ૩૭ | વ્યાપ્તિ પંચક | પૂ. વૈરાગ્યરતિવિજયજી | સં./અં | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| ૩૮ | સર્વસિદ્ધાન્તસ્તવ (અવચૂરિ સહીત) | પૂ. વૈરાગ્યરતિવિજયજી | સં. | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| ૩૯ | યોગ કલ્પલતા | પૂ. વૈરાગ્યરતિવિજયજી | સં./હિ | શ્રુતભવન સંશોધન કેન્દ્ર |
| ૪૦ | આદર્શ ગચ્છ-આદર્શ ગચ્છનાયક | આ. શીલચંદ્રસૂરિજી | ગુજ. | ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ |
| ૪૧ | શાસન સમ્રાટ અને તેના શિષ્યોની સાહિત્ય પ્રસાદી | આ. શીલચંદ્રસૂરિજી | ગુજ. | ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ |
| ૪૨ | હરિભદ્રસૂરીશ્વરજી સાહિત્ય પ્રસાદી | પૂ. ધર્મકીર્તિવિજયજી | ગુજ. | ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ |
| ૪૩ | હેમચંદ્રાચાર્યની સાહિત્ય પ્રસાદી | પૂ. કલ્યાણકીર્તિવિજયજી | ગુજ. | ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ |
| ૪૪ | સોમસુન્દરયુગની સાહિત્ય પ્રસાદી | પૂ. ત્રૈલોક્યમંડનવિજયજી | ગુજ. | ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ |
| ૪૫ | હીરયુગની સાહિત્ય પ્રસાદી | પૂ. રામકીર્તિવિજયજી | ગુજ. | ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ |
| ૪૬ | ઉપાધ્યાયજીની સાહિત્ય પ્રસાદી | પૂ. ત્રૈલોક્યમંડનવિજયજી | ગુજ. | ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ |
| ૪૭ | સચિત્ર બાલ ઉપદેશ કથાઓ | પૂ. વિમલપ્રભવિજયજી | ગુજ. | શ્રી કલ્પેશભાઇ આર. મહેતા |
| ૪૮ | સચિત્ર જીવન પરિવર્તન કથાઓ | પૂ. વિમલપ્રભવિજયજી | ગુજ. | શ્રી કલ્પેશભાઇ આર. મહેતા |
| ૪૯ | બાલ વિજ્ઞાન વિકાસ કથાઓ | પૂ. વિમલપ્રભવિજયજી | ગુજ. | શ્રી કલ્પેશભાઇ આર. મહેતા |
| ૫૦ | બાલ ઉપયોગી કથાઓ | પૂ. વિમલપ્રભવિજયજી | ગુજ. | શ્રી કલ્પેશભાઇ આર. મહેતા |
| ૫૧ | ક્યારે બનીશ હું સાચો સંત | પૂ. રત્નબોધિવિજયજી | ગુજ. | શ્રી રામજીભાઇ વેલજીભાઇ ગાલા |
| ૫૨ | ક્યારે થશે મારા ભવનો રે અંત | પૂ. રત્નબોધિવિજયજી | ગુજ. | શ્રી રામજીભાઇ વેલજીભાઇ ગાલા |
| ૫૩ | ક્યારે મળશે મને મુક્તિનો રે પંથ | પૂ. રત્નબોધિવિજયજી | ગુજ. | શ્રી રામજીભાઇ વેલજીભાઇ ગાલા |
| ૫૪ | ક્યારે તોડીશ એ પાપોનો તંત | પૂ. રત્નબોધિવિજયજી | ગુજ. | શ્રી રામજીભાઇ વેલજીભાઇ ગાલા |
| ૫૫ | મોહમાયાનો હું રટતો રે મંત્ર | પૂ. રત્નબોધિવિજયજી | ગુજ. | શ્રી રામજીભાઇ વેલજીભાઇ ગાલા |
| ૫૬ | ભક્ત બનીને મારે થાવું મહંત | પૂ. રત્નબોધિવિજયજી | ગુજ. | શ્રી રામજીભાઇ વેલજીભાઇ ગાલા |
| ૫૭ | ગુરુત્વં પ્રણિદધ્મ | પૂ. ગુણહંસવિજયજી | ગુજ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૫૮ | થિરિકરણે | પૂ. ગુણહંસવિજયજી | ગુજ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૫૯ | મિરેકલ ઓફ ઓરા | પૂ. ગુણહંસવિજયજી | ગુજ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૬૦ | મને વેશ શ્રમણનો મળજો રે | પૂ. ગુણહંસવિજયજી | ગુજ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૬૧ | પરિમલ | પૂ. રાજસુન્દરવિજયજી | ગુજ. | શ્રુત જ્ઞાન સંસ્કાર પીઠ |
| ૬૨ | આકાશ | પૂ. રાજસુન્દરવિજયજી | ગુજ. | શ્રુત જ્ઞાન સંસ્કાર પીઠ |

# સરસ્વતી પુત્રોને વંદના

**આ ગ્રંથોનું કાર્ય ચાલુ છે. ટુંક સમયમાં પ્રકાશિત થશે.**

**આ. મુનિચંદ્રસૂરિજી મ. સા. (શ્રી ઓમકારસૂરિજી સમુદાય)**

(૧) શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર :- ઉપા. શાન્તીચંદ્રની ટીકા સાથે - સંશોધન

(૨) શ્રી જીવા જીવાભિગમ સૂત્ર :- ટીકા સાથે - સંશોધન

**આ. મુકિતચંદ્રસૂરિજી / મુનિચંદ્રસૂરિજી મ. સા. (આ. કલાપૂર્ણસૂરિજી સમુદાય)**

(૧) અજિતનાથ ચરિયમ્ :- કર્તા : આ. હરિભદ્રસૂરિજી (અપ્રગટ) સંસ્કૃત છાયા સાથે

**પં. શ્રી રત્નજયોતવિજયજી મ. સા. (આ. રાજેન્દ્રસૂરિજી સમુદાય)**

(૧) પંચશતી પ્રબોધ પ્રબંધ :- ગુજરાતી અનુવાદ સાથે

**પૂ. ન્યાયરત્નવિજયજી મ. સા. (શ્રી ઓમકારસૂરિજી સમુદાય)**

(૧) મહાવીર ચરિયમ્ :- કર્તા : નેમિચંદ્રસૂરિજી - સંશોધન સાથે

**પૂ. પાર્શ્વરત્નસાગરજી મ. સા. (પૂ. નવરત્નસાગરજી સમુદાય)**

(૧) જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ :- શ્રી પુણ્યસાગરજીની ટીકા સાથે - સંશોધન

**સા. શ્રી જિનયશાશ્રીજી મ. સા. (શ્રી ઓમકારસૂરિજી સમુદાય)**

(૧) મુણિવઇ ચરિયમ્ :- સંસ્કૃત છાયા સાથે

**સા. શ્રી મહાયશાશ્રીજી મ. સા.**

(૧) મહાબલ મલયાસુંદરી રાસ

**શ્રુતભવન સંશોધન કેન્દ્ર - પુના પ્રેરક : પૂ. વૈરાગ્યરતિવિજયજી (પૂ. રામચંદ્રસૂરિજી સમુદાય)**

(૧) કલ્પવિશેષ ચૂર્ણિ

(૨) કલ્પ બૃહદ્‌ભાષ્યમ્

(૩) ન્યાય ખંડ ખાદ્યમ્

(૪) આત્મતત્ત્વ વિવેક-ગુણાનંદ ટીકા

(૫) સ્તોત્ર સંગ્રહ

(૬) બુદ્ધિસાગર

(૭) પ્રવચન વિચાર સાર

(૮) શ્રેયાંસજિન ચરિત

(૯) વ્યવહાર સૂત્ર - ચૂર્ણિ - મલયગિરિ ટીકાના અનુસાર

પૂર્વાચાર્યોએ ઘણા બધા નવા પ્રકરણ અને શાસ્ત્રગ્રંથોની રચના કરેલ છે. અને તેના અભ્યાસને સરળ બનાવવા માટે જ્ઞાનીજનોએ ઘણા બધા ગ્રંથો ઉપર ટીકાની રચના કરેલ છે પરંતુ હજુ પણ ઘણા બધા મૂળ ગ્રંથો ઉપર ટીકા રચાઇ નથી, એવા ગ્રંથો ઉપર પૂજ્યો દ્વારા નૂતન ટીકાની રચનાનું કાર્ય ચાલુ છે. જેથી ભવિષ્યમાં આ ગ્રંથો અભ્યાસુઓ માટે સરળ બને.

**નીચેના ગ્રંથો ઉપર નૂતન ટીકા રચવાનું કાર્ય ચાલુ છે તે બધા જ ગુરુભગવંતોની અનુમોદના**

(૧) દશાશ્રુતસ્કંધ :- આ. કુલચંદ્રસૂરિજીની પ્રેરણાથી (શ્રી પ્રેમભુવનભાનુ સૂરિજી સમુદાય)

(૨) પંચ કલ્પ ભાષ્ય :- આ. કુલચંદ્રસૂરિજીની પ્રેરણાથી (શ્રી પ્રેમભુવનભાનુ સૂરિજી સમુદાય)

(૩) ભક્ત પરિજ્ઞા પ્રકીર્ણક :- પૂ. આર્યરક્ષિતવિજયજી (પં. ચંદ્રશેખરવિજયજીના પ્રશિષ્ય)

(૪) સંબોધ પ્રકરણ :- પૂ. અક્ષયકીર્તિવિજયજી (પં. ચંદ્રશેખરવિજયજીના પ્રશિષ્ય)

(૫) સંબોધ પ્રકરણ :- પૂ. આત્મદર્શનવિજયજી (પ. પૂ. શ્રેયાંશપ્રભસૂરિજીના શિષ્ય)

# સં-૨૦૭૦-૭૧ દરમ્યાન નૂતન પ્રકાશન

| ક્રમ | ગ્રંથનું નામ | કર્તા - સંપાદક | ભાષા | પ્રકાશક-પ્રાપ્તિ સ્થાન |
|---|---|---|---|---|
| ૧ | પદાર્થ પ્રકાશ-૨૧ (યતિદિનચર્યા) | આ. હેમચંદ્રસૂરિજી | ગુજ. | અંબાલાલ રતનચંદ |
| ૨ | પદાર્થ પ્રકાશ - ૨૨ (ગુરુગુણષટ્ત્રિશત્ષટ્ત્રિંશિકા) | આ. હેમચંદ્રસૂરિજી | ગુજ. | અંબાલાલ રતનચંદ |
| ૩ | રામાયણ (ધારાવાહી પ્રવચન) | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ. | જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૪ | માનવતા (કોમેડી + ટ્રેજેડી) | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ. | જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૫ | સફળ થવું છે ? (સફળતાના સોપાન) | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ. | જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૬ | સ્વર્ગ અહીં જ છે. | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ. | જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૭ | સુખ તમારી રાહ જુએ છે. | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ. | જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૮ | આનંદનું ઉપવન | આ. કલ્યાણબોધિસૂરિજી | ગુજ. | જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૯ | અઢાર અભિષેક વિધિ | પૂ. સૌમ્યરત્નવિજયજી | ગુજ. | જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૧૦ | શ્રી ધારણાગતિ યંત્ર | પૂ. સૌમ્યરત્નવિજયજી | ગુજ. | જિનશાસન આરાધના ટ્રસ્ટ |

## પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી ની તથા પૂ. આ. શ્રી કલ્યાણબોધિસૂરિજીની પ્રેરણાથી શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત કિંમતી ટકાઉ ઉપર પ્રકાશિત ગ્રંથોની યાદિ

| | | | |
|---|---|---|---|
| ૧-૨ | ગચ્છાચાર પ્રકીર્ણક ભા-૧, ૨ | ૧૬ | પાર્શ્વનાથ ચરિત્ર |
| ૩-૪-૫ | ઉપમિતિભવ પ્રપંચ કથા ૧, ૨, ૩ | ૧૭ | પાર્શ્વનાથ ચરિત્ર |
| ૬ | ઉપદેશ રત્નાકર | ૧૮ | પ્રશમરતિ |
| ૭ | કથાકોષ પ્રકરણ | ૧૯ | ભવભાવના |
| ૮ | કર્મ ગ્રંથ ૧ થી ૪ | ૨૦ | મનઃસ્થિરિકરણ પ્રકરણ |
| ૯-૧૦ | ગુરુગુણષટ્ત્રિંશતષટ્ત્રિંશિકા-૧, ૨ | ૨૧-૨૨-૨૩ | મહાવીર ચરિયમ્ - ૧, ૨, ૩ |
| ૧૧-૧૨ | ઠિઇબંધ - ૧, ૨ | ૨૪ | યોગસાર |
| ૧૩ | ધર્મ પરીક્ષા | ૨૫ | લલિત વિસ્તરા |
| ૧૪ | ધર્મ સંગ્રહણી | ૨૬ | સમ્યક્ત્વ કૌમુદી |
| ૧૫ | ધર્માચાર્યબહુમાનકુલક | ૨૭ | સંવેગ રંગશાળા - ૨ |

**ચિંતન પ્રેરક પરિસંવાદ :-** વિચારશીલ જૈનો માટે શાસન સમ્રાટ શ્રી નેમીસૂરિજી સમુદાયના પૂ. આ. શ્રી શીલચંદ્રસૂરિજીની નિશ્રામાં બે દિવસનો પરિસંવાદ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇની અધ્યક્ષતામાં શેઠશ્રી હઠીસિંહ કેશરીસિંહ વાડીમાં તા. ૧૪-૧૫ માર્ચ ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ. જેમાં ઘણાં બધા વિદ્વાનોએ જુદા જુદા વિષયો ઉપર પોતાના લેખ પ્રસ્તુત કરેલ. આ પ્રસંગે ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલયના સંચાલકોનું તેઓના સાત્વિક સાહિત્યના પ્રદાન માટે બહુમાન કરવામાં આવેલ.

શ્રેયસ્કર ગુજરાતી જૈન સંઘ-ઇરલા તરફથી પં. શ્રી ઉદયપ્રભવિજયજીની નિશ્રામાં વિજ્ઞાન અને જૈન ધર્મ તેમજ પુસ્તક પ્રદર્શન, વાંચનનું તા. ૨૪ થી ૨૬ જાન્યુઆરી ૨૦૧૫ ના રોજ આયોજન કરવામાં આવેલ. લોકોએ ઓડીયો-વિડીયો ના માધ્યમથી પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા જૈન ધર્મના સિધ્ધાંતો અને સાહિત્યનો પરિચય મેળવ્યો હતો.

# JAINISM STALL in National Book Fair-2015

આ પુસ્તક મેળામાં **શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર,** સાબરમતી, અમદાવાદ દ્વારા જિનશાસનના પ્રતિનિધિ સ્વરૂપે બે સ્ટોલ સ્વદ્રવ્યથી ભાડે રાખવામાં આવ્યા હતા. જેના દ્વારા થયેલ જિનશાસનની અદ્ભુત પ્રભાવનાની ઝલક...

**રમણીય રત્નત્રયી** : અરિહંત પરમાત્મા, શ્રુતાધિષ્ઠાયિકા મા સરસ્વતી અને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યની નયનરમ્ય પ્રસ્તુતિ અને તે દ્વારા સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન - સમ્યક્ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગનું પ્રત્યક્ષ દર્શન, પ્રતિદિન પુષ્પોથી આકર્ષક સુશોભન.

**શ્રુતમંદિરમ્** : પરંપરાગત શ્રુતપ્રવાહની તાડપત્રીઓ, હાથપોથીઓ, વિશિષ્ટ મુદ્રિત પ્રતો, અતિવિશિષ્ટ મુદ્રિત પુસ્તકો દ્વારા સુંદર પ્રસ્તુતિ.

**પ્રભાવના** : ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં જૈન ધર્મનો પરિચય આપતા પુસ્તકો મુલાકાતીઓને વિના મૂલ્યે આપવામાં આવ્યા. આ ઉપરાંત સ્તુતિ-સ્તવન-પ્રેરણાવચનો ધરાવતા સુંદર પુસ્તકોનું પણ નિઃશુલ્ક વિતરણ કરાયું તથા જુદા જુદા પ્રકાશકોના સૂચિપત્રો - કેટલોગ્સનું પણ મફત વિતરણ કરાયું.

**ટોકન મૂલ્યે વિતરણ** : સરળ અને રસાળ કથાઓ અને પ્રવચનોના દુર્લભ પુસ્તકો માત્ર ટોકન મૂલ્ય લઇને જિજ્ઞાસુઓને આપવામાં આવ્યા. આ વિતરણ પણ મોટી સંખ્યામાં થયું હતું.

**કોમન પ્લેટફોર્મ** : આ કદાચ સૌથી મોટું જમા પાસુ હતું. અને માટે જ "જૈનીઝમ સ્ટોલ" આ નામ સાર્થક થયું હતું. જિનશાસનના જુદા જુદા સંખ્યાબંધ પ્રકાશકોને તેમના પુસ્તકોનો પ્રસાર કરવા માટે અમે આગોતરુ જ આમંત્રણ આપેલ. અનેકાનેક પ્રકાશકોએ અમને તેમના સુંદર પુસ્તકો પાઠવી આપેલ, જેમનું ડિસ્કાઉન્ટથી વેંચાણ થયું, તે તે પ્રકાશકોને તે સંપૂર્ણ વળતર પાછું આપી દેવાયું. અમને જિનશાસનની સેવાનો અમૂલ્ય લાભ મળ્યો. મુલાકાતીઓને એક જ સ્થાને જિનશાસનનો અદ્ભુત રસથાળ મળી ગયો. જેને જ્ઞાનપિપાસુઓએ મન ભરીને માણ્યો.

**ડિજિટલ ડિસ્ટ્રીબ્યુશન** : એક ડી.વી.ડી માં ૧૦૮ વિશિષ્ટ સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથો અને બીજી ડી.વી.ડી. માં ૧૦૮ વિશિષ્ટ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ગ્રંથો. આ બંને ડી.વી.ડી. નું નિર્માણ અમે ખાસ આ પુસ્તક મેળા માટે કરેલ હતું. વર્તમાન સમયમાં ગૃહસ્થોને જ્ઞાનપ્રાપ્તિ માટે અનેક રીતે માફક આવે એવો આ વિકલ્પ હતો. માટે જ ઉપલબ્ધ ડી.વી.ડી. સેટ ખૂટી પડ્યા હતા. અને મેળા બાદ નવા સેટ તૈયાર કરાવી કુરીયરથી મોકલવા પડ્યા હતા.

**સ્ક્રીન પ્રેઝન્ટેશન** : સ્ટોલની સાથે જ ટી.વી. સ્ક્રીન રાખવામાં આવેલ, જેમાં જિનશાસનના સિદ્ધાંતો અને તારક તીર્થોનો રસપ્રદ પરિચય હતો. સતત એક કલાક સુધી આ પ્રેઝન્ટેશનમાં કશું રિપિટ થતુ ન હતું. મુલાકાતીઓ આ પ્રેઝન્ટેશનની સી.ડી. ખરીદવા માટે ખૂબ જ ઉત્સુક બન્યા હતા.

**મુલાકાતીઓનો મેળો** : પુસ્તકમેળાને સફળ બનાવવા માટે સરકાર તરફથી પ્રતિદિન સાહિત્ય કેન્દ્રિત વિવિધ આકર્ષક કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. પરિણામે હોલની કેપેસીટી જેટલા જ બીજા વધારાના લોકો ઊભા ઊભા પણ કાર્યક્રમ માણતા હતા. કાર્યક્રમનો એ.સી.હોલ, પુસ્તકમેળાનો પણ સંપૂર્ણ એ.સી.હોલ, વિવિધ આકર્ષણો, આ બધાને કારણે મે મહિનાની ગરમીમાં પણ દોઢ લાખ જેટલા લોકોએ આ મેળાની મુલાકાત લીધી હતી, જેનો પ્રભાવ જૈનીઝમના સ્ટોલ ઉપર પણ સારો એવો પડ્યો હતો.

**પ્રેસ પબ્લિસિટી** : ડી.એન.એ. ઇન્ડિયા ન્યૂઝ-દિવ્યભાસ્કર દ્વારા તેમના પોતાના રસથી ઇન્ટરવ્યૂ લેવાયો અને જૈનીઝમના થીમ પર બનેલ પરંપરાનુસારી ધાર્મિક સ્ટોલ તરીકે વિસ્તૃત વર્ણન યુક્ત સુંદર અહેવાલ અપાયો.

**વિશિષ્ટ મુલાકાતીઓ :** સામાન્ય લોકો તો સપરિવાર પુસ્તક મેળામાં આવ્યા જ હતા. સાથે સાથે યુનિવર્સિટીઓના શિક્ષકો અને સંસ્કૃત-પ્રાકૃત ભાષાના વિદ્વાનો-સંશોધકો પણ આવ્યા હતા. કળા-કૌશલ્યના ક્ષેત્રમાં કાર્યરત અગ્રણીઓ પણ પોતાના વિષયમાં અદ્યતન જ્ઞાન મેળવવા માટે આ મેળામાં આવ્યા હતા. વધુ આનંદની વાત એ હતી કે અમારા હાર્દિક આમંત્રણને માન આપીને પ્રતિદિન આચાર્ય ભગવંતો અને શ્રમણ-શ્રમણી ભગવંતો પણ આ મેળામાં પધાર્યા હતા અને અમારા ઉલ્લાસમાં એમણે અભિવૃધ્ધિ કરી હતી.

**એક વસવસો :** સંપૂર્ણ વર્ષમાં રાજકીયસ્તરે યોજાતો જ્ઞાન-સંબંધી કોઇ ઉત્સવ હોય, તો તે આ જ હતો. જ્ઞાનનું અદ્યતન સ્તર, મુદ્રણકૌશલ્ય, લોકભોગ્ય સાહિત્ય, અન્ય ધર્મોનું સાહિત્ય, અન્ય ધર્મોની આક્રમક પ્રચાર-પ્રસારની નીતિ-રીતિ - આ બધી જાણકારી મેળવવાનો આ એક સ્વર્ણિમ અવસર હતો. આ અવસરે આપણા શ્રીસંઘના અગ્રણીઓ, પાઠશાળાના સંચાલકો, ધાર્મિક શિક્ષક-શિક્ષિકાઓ અને પૂ.સંયમી ભગવંતોને ભણાવતાં વિદ્વાનોના દર્શન આ મેળામાં દુર્લભ હતાં. તેઓ મહદંશે ગેરહાજર હોવાથી આવા જ્ઞાન-સપ્તાહમાં મળતા અનુભવથી, નવી પેઢીને જ્ઞાન આપવાના અદ્યતન માર્ગોના પરિચયથી અને અન્ય ઉપયોગી માહિતીથી વંચિત રહ્યા, તેનું અમને દુ:ખ છે.

**એક કડવુ સત્ય :** ધર્મ પ્રસાર માટે મુસ્લિમોના ૮-૧૦ સ્ટોલ્સ હતા, ખ્રિસ્તીઓના ૪-૫ સ્ટોલ્સ હતા, વૈદિક પંથના ચિન્મયાનંદ મિશન, દયાનંદ સરસ્વતી આશ્રમ, ગીતા પ્રેસ, ગાયત્રી પરિષદ્, હરિઓમ આશ્રમ, આશારામ આશ્રમ વગેરેના સંખ્યાબંધ સ્ટોલ્સ હતા. આ સિવાય દાદા ભગવાન, ઓશો, શીખ ધર્મ વગરેના પણ સ્ટોલ્સ હતા. આ દરેક સ્ટોલ્સ પરના સંચાલકો અને કાર્યકરોનો ઉલ્લાસ અને વહીવટ ખરેખર દાદ માંગી લે તેવા હતા. તેઓ પોતાના ધર્મના પ્રચારનું સાહિત્ય છૂટથી મફત વહેંચતા હતા. ૨૦૦-૩૦૦ રૂ.ની કિંમતની બાઇબલ કે કુરાનની નકલો પણ તદ્દન મફત આપતા હતા. જે મુલાકાતી આવે તેને પોતપોતાના ધર્મના સિદ્ધાંતો સારી રીતે સમજાવતા હતા. આ રીતે સાહિત્ય-પ્રચારની સાથે સાથે જ ધર્મપ્રચાર કરીને પોતે કરેલ તન-મન-ધન-સમયના વિનિયોગનું પુરે પુરું વળતર મેળવી રહ્યા હતા. આ પરિસ્થિતિમાં આપણી સ્થિતિ શું હતી ?

સમગ્ર વિશ્વમાં સર્વોત્કૃષ્ટ જ્ઞાનસંપતિ જૈનીઝમ પાસે છે. સમગ્ર વિશ્વનો પ્રાચીનતમ અને આદર્શ પંથ જૈનીઝમ છે. ને છતાં ય જૈનીઝમના માત્ર બે જ સ્ટોલ હતા. (૧) શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડારનો (૨) શ્રી દિવ્યદર્શન ટ્રસ્ટનો, સોરી ટુ સે, આ મેળામાં જૈનોની અનેક રીતે ઉદાસીનતા, સ્વધર્મપ્રસાર માટેની નિષ્ક્રિયતા અને અનંત ઉપકારી પરમતારક શ્રી જિનશાસન પ્રત્યેની સંવેદનાની શૂન્યતા અમારા અંતરને કોરી ખાતી હતી.

**ડીવાઇન ડ્રીમ :** આવતા મેળામાં સળંગ દશ સ્ટોલ જૈનીઝમના હોય, પ્રેઝન્ટેશનનો કોઇ પ્રકાર બાકી ન હોય, લાખો લોકોના મોઢામાં અદ્ભુત-અદ્ભુતના ઉદ્ગારો હોય, લાખો હૃદયમાં બોધિબીજના અમોઘ વાવેતર થતાં હોય. લાખો લોકોના આવનારા કરોડો કલાકો સ્વાધ્યાય તરીકે નિશ્ચિત થઇ જતા હોય, જૈનીઝમને સર્વોત્કૃષ્ટ ગૌરવ મળે અને જિનશાશનની એ અદ્ભુત પ્રભાવનાને જોઇને આપણી આંખોમાં હર્ષાશ્રુ આવી જાય. વર્ષોથી હૃદયને શેકતી અફસોસની આગ એ હર્ષાશ્રુઓથી બુઝાઇ જાય. ચાલો, આપણે સહુ મળીને આ દિવ્ય સ્વપ્નને સાકાર કરીએ.

# Pictorial Character for Children આપણે શું કરી શકીએ ?

**નેશનલ બુક ફેર :-** હવે તો આ મેળો આવતા વર્ષે યોજાશે, પણ એની તૈયારી અમે શરૂ કરી દીધી છે. આ મેળામાં અમે જોયું કે સચિત્ર જૈન બાળ સાહિત્યની અંગ્રેજી ભાષામાં ઘણી માંગ છે. પણ આપણી પાસે એવું સાહિત્ય ઉપલબ્ધ નથી. ક્યાંય ક્યાંય આવા પ્રકાશના થયા છે, તો યોગ્ય માર્કેટીંગના અભાવે ઇચ્છુક સુધી પહોંચી શક્યા નથી, જૈન કથાઓ + જૈન અભ્યાસક્રમ સચિત્ર અંગ્રેજી બાળસાહિત્યરૂપે મળે તે માટે અનેક વાલીઓ શોધખોળ કરતાં હોય છે. કદાચ તેમનું પોતાનું જ્ઞાન ઓછું હોય તો પણ બાળકોના સંસ્કાર અને ધાર્મિક વિકાસ માટે તેમને આવું સાહિત્ય જોઇતું હોય છ.

નવી પેઢીને નવેસરથી ઘડવા માટે આ બીડું અમે ઝડપી લીધુ છે. પ્રભુ વીર થી લઇને કુમારપાળ સુધીના નાયકોની અંગ્રેજી ભાષામાં સચિત્ર બાલ સાહિત્યની શ્રેણીનું કાર્ય શરૂ કરેલ છે.

આ કાર્યની અગત્યતા અને જરૂરીયાત સમજીને જુદા જુદા ઘણા બધા સ્થળે બીરાજમાન આચાર્ય ભગવંતોની પ્રેરણાથી યુવાન સાધુ-સાધ્વીજી ભગવંતો દ્વારા ૫૦ ચરિત્રોનું અંગ્રેજીમાં આલેખન શરૂ થયું છે અને તે પૈકી ૧૦ ચરિત્રોની પ્રેસ કોપી અમોને મળી ગઇ છે, જે માટે સહાયક બનનાર સર્વે ગુરુ ભગવંતોનો ઋણ સ્વીકારીએ છીએ. આર્ટ પેપર ઉપર આકર્ષક મલ્ટીકલર પ્રિન્ટીંગ, ચિત્રમય બાળકોને ગમે તેવી આંકર્ષક ડીઝાઇન, બાળ સુલભ સરળ અંગ્રેજી ભાષામાં, સંસ્કાર સિંચન માટે ૩૨ પેજના ૧૦-૧૨ પુસ્તકોની પ્રથમશ્રેણી ટૂંક જ સમયમાં પ્રકાશિત થશે. જે બાળકોને પાઠશાળામાં પ્રભાવના વગેરે આપવા માટે પણ ઉપયોગી બની રહેશે.

**આત્મીય આવકાર :** જિનશાસનના અનંત ઋણની સંવેદનાને હૃદયમાં વસાવીને આપશ્રી પણ આ મિશનમાં જોડાઓ, આપશ્રી આપની ક્ષમતાને અનુસારે (૧) સ્ટોરી રાઇટીંગ (૨) ડ્રોઇંગ (૩) ડીઝાઇનીંગ (૪) પ્રુફ ચેકીંગ (૫) માર્કેટીંગ (૬) ઇકોનોમિકલ સપોર્ટીંગ જે કાંઇ પણ કરી શકો, તે કરવા માટે આગળ આવો. પ્લીઝ, છતી શક્તિને ગોપાવશો નહીં.

ચાલો, આપણે સહુ મળીને જિનશાસનની સેવાથી ધન્ય બનીયે.

## Come....you are welcome...

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
**શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર**
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org